અલ્યા ચમન, આપણે દેશી દારૂ પહોંચાડવામાં પણ પહોંચી નથી વળતા ત્યાં વળી આ ગુટખા બંધ થશે તો એ કામેય આપણે જ કરવું પડશે ને ...!!!

ગાંધીનગરમાં કાલુપુર બૅન્ક દ્વારા રક્તદાન શિબિર યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર સેકટર-૨૩ માં આવેલ કડી કૅમ્પસમાં આવેલ સહકારી બૅન્ક ધી કાલુપુર કો.ઑ.બેન્ક લિ.ની ગાંધીનગર શાખાના ચોથા સ્થાપના દિને રેડ ક્રોસ સોસાયટી અમદાવા અને કલોલના સહયોગથી સામાજિક સેવાના ઉદ્દેશ સાથે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન બૅન્કના યુવાન મેનેજર સંતોષભાઈ પટેલ તેમજ કાર્યક્રમના કો.ઓર્ડિનેટર સી.એન. શુકલ દ્વારા કડી સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળના સહકારથી સફળતા પૂર્વક પાર પાડવામાં આવ્યો હતો.

બૅન્કના પૂર્વ ચેરમેન અંબુભાઈ પટેલની પ્રેરણાથી બૅન્કની દરેક શાખાના સ્થાપના દિને માનવ સેવાર્થે રકતદાન શિબિરનું યોજવામાં આવે છે. બૅન્કના મેનેજર સંતોષભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ શિબિરને સફળ બનાવવામાં કાલુપુર બૅન્કના ખાતેદારો, બૅન્કના કર્મચારીઓ,આસપાસના નાગરિકો અને કડી કૅમ્પસમાં આવેલ અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ, કે.બી. ફાર્મસી કોલેજ, સી.એમ.પટેલ, વગેરેના શિક્ષણ ગણ સહિત વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો. સમગ્ર શિબિર સફળ બનાવવામાં શિબિરના કો.ઓડિનેટર સી.એન. શુકલ, કલોલ કો.ઓ.બેન્કના નટુભાઈ પટેલ, કાલુપુર બેન્કના ડિરેકટર હસમુખભાઈ પટેલ ,પૂર્વ જનરલ મેનેજ અને એકઝીકયુટીવ સેક્રેટરી મહેન્દ્રભાઈ પટેલ, કૅમ્પસ ડાયરેકટ સોમભાઈ પટેલ, બ્રાંચ મેનેજર ગાંધીનગરના સંતોષભાઈ પટેલ, કડી યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના મિતેષ મોદી તથા પત્રકારત્વના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું હતું. કાલુપુર બેન્કના તમામ હોદ્દેદારો તથા મેનેજરે તમામને સાથ સહકાર માટે રકતદાતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન દ્વારા સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

ઈન્ડિયન ઈસ્ટીટ્યુટ ઓફ ટીચર એજયુકેશની સ્થાપના બાદ પ્રથમ વખત જ સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ઉત્કૃષ્ટ નિર્દશન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કુલસચિવ બીપીનભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા.

કુલસચિવ બીપીનભાઈ ભટ્ટે પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓમાં પડેલી શક્તિઓને ઉજાગર કરવા તાલીમ આપી સજ્જ કરવામાં આવે છે. સર્વાંગી વિકાસ માટે બહુ પરિમાણીય કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

કુલસચિવ ડૉ. કમલેશ જોશીપુરાએ ગુજરાતમાં ઉચ્ચશિક્ષણ માટેની અપ્રતિમ તક આજે પ્રાપ્ત થઈ છે. પ્રત્યેક ક્ષેત્ર માટે યુનિવર્સિટીઓ ઊભી કરવામાં આવેલી છે. વર્તમાન સત્રથી પી.એચ.ડી. તથા એજયુકેશનનાત્રણ ડિપ્લોમા શરૂ થનાર છે.

એન.સી.સી.ના એ.એન.ઓ. ડૉ.માધવીબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમો રાખેલ હતા.

આ પ્રસંગે યુનિવર્સિટીના શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ પ્રાધ્યાપક ડૉ. શાંતિ પ્રસન્નાના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજકોસ્ટ દ્વારા ગણિત-વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમનું જીવંત પ્રસારણ

પુનઃ પ્રસારણ ૨૬ ઓગસ્ટના રોજ ગિરનાર ચેનલ ઉપરથી કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ દ્વારા રાજયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. ગુજકોસ્ટનો દર વર્ષે યોજાતો ગણિત-વિજ્ઞાન પ્રૌત્તરીનો કાર્યક્રમ માધ્યમિક શાળાના ધો. ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે લોકપ્રિય કાર્યક્રમ છે. આ કાર્યક્રમનો વધુ વિદ્યાર્થીઓ લાભ લે તે માટે તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૧૨ને સોમવારના રોજ ગાંધીનગર ખાતે બાયસેગ સ્ટુડિયો પરથી બપોરના ૩.૦૦ વાગ્યાથી ૪.૩૦ વાગ્યા દરમિયાન જીવંત પ્રસારણ કરવામાં આવશે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન વિષયના મુંઝવતા અને અઘરા લાગતા પ્રૌનો અહીં તજજ્ઞો દ્વારા ઉકેલ આપવામાં આવશે. જેમાં બપોરના ૩.૦૦ વાગ્યાથી ૩-૪૫ દરમિયાન ધો. ૯ ના ગણિત વિષયના બહુપદી નામના પ્રકરણ વિષે શિક્ષક શ્રી હિતેષભાઈ પંડ્યા અને ધો.૧૦ના ગણિત વિષયના દ્વિચલ-સુરેખ સમીકરણ-યુગ્મ વિશે શિક્ષક શ્રી વિમલભાઈ સુથાર ૩.૪૫ વાગ્યાથી ૪.૩૦ દરમિયાન માર્ગદર્શન આપશે.

આ જ કાર્યક્રમનું પુનઃ પ્રસારણ તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૧૨ને રવિવારના રોજ બપોરે ૧.૦૦ વાગ્યાથી ૨.૩૦ દરમિયાન દૂરદર્શનની ગિરનાર ચેનલ ડીડી-૧૧ ઉપરથી કરવામાં આવશે, તેમ એક યાદીમાં જણાવાયું છે.

રાષ્ટ્રીય સમૂહ ગાન પ્રતિયોગીતાનું ભારતીય વિકાસ પરિષદનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

ભારત વિકાસ પરિષદ દ્વારા આંતર શોલેય રાષ્ટ્રીય સમુહગાન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૯મી ઓગસ્ટના સવારે ૯.૦૦ કલાકે ટાઉન હોલમાં સ્પર્ધા યોજાશે. રાષ્ટ્રપ્રેમી નગરજનોને દેશ ભક્તિના રંગેરંગામાં હાજરી આપવા જણાવેલ છે.

વહાણવટી શાળામાં સ્વાત્ર્યદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

વહાણવટી પ્રાથમિક શાળા દ્વારા ધ્વજવંદનનું આયોજન કરેલ હતું. શાળા સંચાલક ગિરીશભાઈના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રગીત, શૌર્યગીત ગાન કરેલ હતું. મનીષભાઈ પ્રજાપતિએ સમગ્ર સંચાલન કરેલ હતું.

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કોલેજ ઓફ એજયુકેશન (મહિલા બી.એડ.) સેકટર-૭ ખાતે એક સુંદર મજાના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય ચિરાગભાઈ પંચાલ, સ્ટાફ મિત્રો અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ની વિદ્યાર્થીનીઓ તરફથી એક નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. નાટક દ્વારા સમાજને જીવનમાં સાચા મિત્રનું કેટલું મહત્વ છે તે દર્શાવવામાં આવ્યું હતું. સમગ્ર નાટકને કુ. નીકિતા નાયક અને તેના સાથીદારોએ સફળ રીતે રજૂ કરી યાદગાર બનાવ્યું હતું.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે ૬૬મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના કર્મચારી ઘનશ્યામભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ભજનથી કરવામાં આવી હતી. ત્યાર બાદ વિદ્યાર્થી નારણ દેસાઈએ લોકગીત રજૂ કર્યું હતું. લોકગીત બાદ વિદ્યાર્થીઓએ રાસ રજૂ કર્યો હતો. કર્મચારી ભરતભાઈ મિસ્ત્રીએ જાણીતું ભજન 'તું રંગાઈ જાને રંગમાં'ની સરસ રજૂઆત કરી હતી. વિદ્યાર્થી હેવલ પટેલે ટુચકા રજૂ કર્યા હતા. વિદ્યાર્થી દર્શન રામાનુજે 'કાનાને મનાવો કોઈ, કાનાને મનાવો'ની રજૂઆત કરી હતી. ત્યારબાદ એકાંકી નાટક 'કમિશન' રજૂ થયું હતું. જેમનું જન્મ શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે એવા ઉર્દૂ લેખક સઆદત હસન મંટોના નાટક પર આધારિત નાટકનું દિગ્દર્શન ધ્વનિલ પારેખે કર્યું હતું. વિદ્યાર્થી મેહુલ વણકરે 'ઐસા દેશ હે મેરા' દેશભક્તિ ગીત રજૂ કર્યું હતું. ભરતભાઈએ દૂહા છંદની રમઝટ બોલાવી હતી.

સંસ્થાના સંયોજક કનૈયાલાલ નાયકે પ્રાસંગિક ઉદબોધનમાં આ પ્રયાસને બિરદાવ્યો હતો અને વધુ વિદ્યાર્થીઓ આવા કાર્યક્રમોમાં ભાગ લઈને પોતાની પ્રતિભાનો પરિચય આપે એવો આશાવાદ વ્યકત કર્યો હતો. કાર્યક્રમની આભારવિધિ કનુભાઈ વસાવાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યેશ ભટ્ટે કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમનું સમગ્ર આયોજન ધ્વનિલ પારેખ, દિવ્યેશ ભટ્ટ અને ધારા નાવડીયાએ કર્યું હતું.

આજે સરકારી જિલ્લા પુસ્તકાલયમાં સંત નિજાનંદ બાપુનું વક્તવ્ય યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે ઉત્તર ગુજરાતના લોક સેવક ત્રિભુવનદાસ પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત 'ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં પશુપ્રેમ' વિષય પર પ્રખર વક્તા અને વિદ્વાન સંત નિજાનંદ બાપુનું વક્તવ્ય તા. ૧૮મી ઓગષ્ટ-૨૦૧૨ને શનિવારના રોજ સાંજે ૪ થી ૫ કલાક દરમિયાન સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. એમ ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા જણાવાયું છે.

મારે પણ ઘરનું ઘર હોય !

તમે બહાર નીકળો પછી જ્યાં બનતી ત્વરાએ પાછા ફરવા માટે તાલાવેલીપૂર્વક તમારો જીવ તલપાપડ થતો રહે એને બધા 'ઘર' કહે છે અને જ્યાંથી નીકળી પાછા ફરવા માટે માણસનું મન આનાકાની કરે અને ઈરાદાપૂર્વક જ બહાર સમય વ્યતીત કરવાની ફરજિયાત ઈચ્છા થાય એને અહીં 'મકાન' કહે છે. શહેરોમાં મકાનો બહુમતિમાં છે અને ગામડામાં ઘરોની બહુમતિ છે. શહેરના બાગબગીચા, જાહેરમાં મૂકેલા બાંકડા અને મંદિરોમાં જે અનિચ્છનીય ભીડ જોવા મળે તે મકાનોની સાક્ષી પૂરે છે. જાયે તો જાયે કહાં ?

મકાનોની મનોવેદનાની ખબર પથારીનાં ઓશીકાંને વધારે હોય છે. ઘર કે ઝૂંપડીમાં રહેતો માણસ જાહેરમાં છૂટથી રડી શકે છે જ્યારે મકાનોમાં રહેતા માણસને આવી સ્વતંત્રતા નથી હોતી. અમીરી દુખને દબાવી શકતી નથી અને ઝૂંપડી દુખને ગાંઠતી નથી. ઘરોમાં માણસો રહેતા જોવા મળે છે, મકાનોમાં ધનવાનો રહેતા હોય છે. પંચવટીમાં કશી સગવડ ન હોવા છતાં સીતારામ રાજમહેલની સાહ્યબી ભોગવતાં હતાં જ્યારે સોનાની લંકામાં રાવણ રાજમહેલમાં રહેવા છતાં પંચવટી તરફના આકર્ષણથી ખૂબ દુખી હતો.

સો પુરુષો ભેગા મળે તો એક પડાવ ઊભો કરી શકે પણ ઘર તો એક સ્ત્રી જ ઊભું કરી શકે. જ્યાં સ્ત્રીનો આદર હોય છે ત્યાં ઘર હોય છે અને ગૃહિણીનો અનાદર હોય છે ત્યાં મકાન હોય છે. મકાનને ઈંટોની ચાર દિવાલો હોય છે ત્યારે ઘરમાં પતિ-પત્ની બધાં બંધન દુખકર્તા હોય છે પણ એક માત્ર સ્નેહનાં બંધન વિઘ્નહર્તા હોય છે. લોકો એટલે વારે વારે કહેતા હોય છે : મારે પણ એક ઘરનું ઘર હોય તો કેવું સારું !

માણસોને મોટાં મોટાં આલીશાન મકાનો બનાવતાં બહુ સારી રીતે આવડે છે પણ એમાં કેવી રીતે રહેવું એની ખબર બહુ ઓછાને હોય છે, જેને ખબર હોય છે એ મકાન 'ઘર' બની જાય છે. જે બેખબર હોય છે કે બેખબર રહે છે એનાં અરમાન બળી જાય છે. મકાનોમાં પ્રેમ સિવાયની તમામે તમામ વસ્તુઓ હાજરમાં હાથવગી હોય છે જે વસ્તુઓ ઘરમાં રહેનાર માટે જરૂરી નથી હોતી. પ્રેમ આગળ બધી સાહ્યબીઓ પાણી ભરે. એટલે સ્તો વિદુરની સાવ સાદી તાંદળજાની ભાજી આગળ દુર્યોધનના સૂકા મેવા હારી જાય છે. અને સુદામાની તાંદુલની પોટલી આગળ જગતનો નાથ વારી જાય છે. હસ્તનાપુરના રાજમહેલમાં કપટ સિવાય બધું ગેરહાજર છે અને દ્વારિકાના રાજમહેલમાં પ્રેમ સિવાય બધું ગેરહાજર હોય છે. પ્રેમ હોય છે ત્યાં પુરુષોત્તમ હોય છે. જ્યાં પુરુષોત્તમ હોય છે પછી બીજી બધી વસ્તુઓ જખ મારે. મકાનોમાં આરસ-પહાણનાં મંદિરો તો હોય છે પણ ભગવાન ગેરહાજર હોય છે, ઝૂંપડીમાં કે ઘરમાં રોટલો, ડુંગળીનો થાળ ક્યારે ધરાય એની પ્રતીક્ષા સતત ભગવાનને હોય છે. કારણ કે ત્યાં પરસેવાની સુગંધ હોય છે, નરી પૈસાની સુગંધ હોય છે ત્યાં ભગવાનને સ્વાર્થની ગંધની તરત ખબર પડી જાય છે.

વરસોથી આ ઘર અને મકાનની દોરડાખેંચ હરિફાઈ તથી જરહે છે. જે ઘરમાં સંપ, સહકાર, સાથ, સાદગી, સંસ્કાર અને સારપ હોય છે એની ગણતરી સારા ઘરમાં થાય છે ત્યાં ઘર આગળ હંમેશા 'ભલે પધારો' લખેલું હોય છે પણ આથી ઊલટું જ્યાં હોય છે ત્યાં પ્રવેશદ્વારે જ 'કૂતરાથી સાવધાન'નું પાટિયું આકર્ષક ડિઝાઈનમાં સુશોભિત હોય છે. પ્રેમ, પ્રભુ અને પૈસાના તફાવતની તો બધાને ખબર હોય છે.

સાસરિયામાંથી પુત્રવધૂ આગ્રહ કરવા છતાં પિયર જવાની ના પાડે એ ઘરમાં દુખની ગેરહાજરી માટે કોઈ પુરાવાની જરૂર નથી પડતી અને છાશવારે પિયર જવાની ધમકીઓ મળતી જ રહે છે ત્યાં દુખનો પુરાવો રોકડો હોય છે. એટલે જ દીકરી ઘર છોડે અને દીકરો તરછોડે ત્યારે માબાપ જે રડતાં હોય છે એમાં ઘર અને મકાનનો તફાવત કામ કરી જાય છે.

સંસ્કાર હોય ત્યાં ઘરને શણગારવાની જરૂર નથી પડતી. ફૂલ ઉપર અત્તર ના છંટાય. મકાન હોય છે એનો બેડરૂમ જ્યારે શોરૂમ બનવા લાગે ત્યારે માની લેવું કે હવે આ બંગલો વેચાવાની તૈયારીમાં છે. જે પોતાના વચન માટે જાહેરમાં વેચાવા તૈયાર થઈ જાય છે એ રાજા હરિશ્ચંદ્રને સ્મશાનમાં પણ સાક્ષાત ભગવાન દર્શન આપવા મજબૂર થઈ જાય છે ત્યારે આપણે એક ઘર ક્યારે સ્મશાન બને એ માટે રાતદિવસ મહેનત કરીએ છીએ. ઘર ઘર જ રહે એ માટે આખરે પ્રેમનો પારસમણિ જ ખપ લાગે છે. ઘરની બહુમતિ માટે આવો, વેળાસર જાગૃત થઈ જઈએ. જ્યાં ભોજન અને ભજન ઘરનાં બધાં સાથે મળીને કરે છે, જે ઘરમાં સૌનો આદર છે, રોજ સાથે ભેગાં મળી એક સાથે કોઈ સારા પુસ્તકની ચર્ચા કરતા હોય ત્યાં તો દુખ પણ બારણેથી જ ડોકિયું કરીને ઊભી પૂંછડીએ ભાગી જાય છે, કારણ કે એ ઘરમાં તો પહેલેથી સુખ હાજર છે !

- પી એમ પરમાર 'દર્શન'

રાષ્ટ્રભક્ત ઓમકારસિંગ ઠાકુર : સ્વાતંત્ર્યદિનની ઉજવણીની અનોખી મિસાલ



આગવો માણસ - આપણો માણસ
- કિશોર જીકાદરા

૧૫મી ઑગષ્ટ, ૧૯૪૭. દેશ આઝાદ થયો. જોતજોતામાં આ વાતને ૬૫ વર્ષ વીતી ગયાં. આ દેશની બલિહારી તો જુઓ ! આપણે આઝાદ થયા અને પોતાના પ્રાણની કુરબાની આપનાર આઝાદીના લડવૈયાઓને જ આપણે ઈતિહાસના પૃષ્ઠો વચ્ચે કેદ કરી દીધા ! વર્ષમાં બે પ્રસંગો આવે છે છતાં તેમને યાદ કરવાની આપણે પરવા કરતા નથી. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં દર્શકોની પાંખી હાજરી ચિંતાનો વિષય બનતી જાય છે. ત્રણ દિવસ પહેલાં પંદરમી ઑગષ્ટ થઈ. રંગેચંગે ઉજવણી તો થાય છે પણ દુખ એ વાતનું છે કે ઉજવણીનો રંગ રાજકીય થવા લાગ્યો છે. રાજનેતાઓના ભાષણોમાં દેશદાઝ કરતાં બળતરાની બૂ વધારે હોય છે. ચૂંટણીલક્ષી પ્રલોભનોની ગંધ વચ્ચે રાષ્ટ્રભક્તિની ખોવાયેલી ખૂશ્બુ શોધવી દિવસે દિવસે અઘરી બનતી જાય છે. પણ ચિત્ર તદ્દન નિરાશ થવા જેવું નથી. સવાસો કરોડની આબાદીવાળા આ દેશમાં ખારાં પાણી વચ્ચે મીઠી વીરડી જેવા કેટલાક દેશભક્તો ખૂણેખાંચરે પડ્યાં પડ્યાં મહેંકી રહ્યાં છે. દેશભક્તિની ફટકેલી ફોરમનું આવું જ એક ફૂલ આપણા ગાંધીનગરના સૅક્ટર-૨૧ના ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં આજે ય મઘમઘી રહ્યું છે. આ ફૂલનું નામ છે ઓમકારસિંગ ઠાકુર !

નવાઈની વાત તો એ છે કે આઝાદીની લડત સાથે આ ઠાકુર પરિવારને દૂર દૂર સુધી કોઈ નાતો નથી. આ યુવાનનું માનવું છે કે દેશભક્તિ એ કંઈ વારસો નથી, સંવેદન છે, લાગણી છે, ભાવના છે. આ યુવાન સ્વતંત્ર ભારતમાં જન્મ્યો છે. તેથી આઝાદીનું મૂલ્ય સારી રીતે સમજી શક્યો છે. બાળક ઓમકાર પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારથી જ ૧૫મી ઑગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીના દિવસોમાં શાળામાંથી નીકળતા સરઘસમાં ઉત્સાહભેર જોડાતો. રાષ્ટ્રીયગાન સાથે બેન્ડવાજાની સુરાવલિઓ તેના તનબદનમાં અનોખો રોમાંચ પેદા કરી જતી. એને સૌથી વધુ મજા આવતી સમારંભના પૂર્ણાહુતિ વખતે વહેંચાતી મીઠાઈ ખાવાની. તે વખતે મીઠાઈ તરીકે જલેબી વહેંચાતી. બાળક ઓમકારના દિલોદિમાગમાં ૧૫મી ઑગષ્ટ સાથે જલેબી વિતરણનું દૃશ્ય એવું તો સજ્જડ રીતે અંકિત થઈ ગયું કે વડીલો પૂછે કે પંદરમી ઑગષ્ટ ક્યારે આવે ? તો બાળક ઓમકાર એક જ ધડાકે જવાબ દઈ દે કે જલેબી વહેંચાય ત્યારે ! હવે આ ઓમકાર બાળક રહ્યો નથી, ૪૫ વર્ષનો પરિપક્વ અને પાંચમાં પૂછાય તેવો માણસ થયો છે. પણ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી બાબતમાં હજી પણ બાળક જેવો નિર્દોષ અને નિખાલસ રહી શક્યો છે ! પંદરમી ઓગષ્ટે જલેબી વિતરણ ન થાય તો સ્વાતંત્ર્ય દિવસની ઉજવમીમાં તેને કશુંક ખૂટતું હોય તેવું સતત લાગ્યા કરે છે. ઓમકારસિંગ કહે છે કે રાષ્ટ્રીય પર્વની ઉજવણી તો પૂરા આનંદ અને ઉલ્લાસ સાથે જ થવી ઘટે. જલેબી વહેંચ્યા સિવાય તો આ પર્વ ઉજવ્યું જ શી રીતે ગણાય ? છેલ્લા ૧૯ વર્ષથી તે દર પંદરમી ઓગષ્ટે ગાંધીનગરની જનતાને પ્રેમથી, આગ્રહપૂર્વક શુધ્ધ ઘીની જલેબી ખવડાવીને આગવી રીતે સ્વતંત્રતા દિનની શુભકામનાઓ પાઠવી રહ્યા છે ! કોણ છે આ ઓમકારસિંગ ઠાકુર ?

રામસુરતસિંગ ઠાકુર રોજીરોટીની તલાશમાં ઉત્તર પ્રદેશથી ગુજરાત આવ્યા. સૌને ફળે છે એમ આપણું ગાંધીનગર તેમને પણ ફળ્યું. અન્ન અને નાગરિક પૂરવઠા નિયામકની કચેરીમાં ચપરાસીની નોકરી મળી. નોકરી નાની હતી પણ સરકારી હોવાને લીધે સંતોષ મોટો હતો. રામસુરતસિંગને ચાર દીકરીઓ વચ્ચે એક જ લાડકો દીકરો. આ એકનો એક લાડકો દીકરો એટલે ઓમકાર પાન પાર્લર, સૅક્ટર-૨૧નો માલિક ઓમકારસિંગ ઠાકુર. ઉત્તરપ્રદેશના જૌનપુર જિલ્લાના બર્રાહ ગામે તેનો જન્મ. ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ હિન્દી માધ્યમમાં કરીને ઉચ્ચ અભ્યાસની આશા સાથે ગાંધીનગર આવ્યા. ૧૯૮૪ની સાલ. ગાંધીનગરની કોલેજમાં ત્યારે હિન્દી માધ્યમની કોઈ સુવિધા ન હતી. અંગ્રેજી લઘુલિપિ શીખવામાં માધ્યમનો કોઈ પ્રશ્ન નડે તેમ નહોતો. ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ)માં ટાઈપીંગ અને સ્ટેનોગ્રાફીના કોર્સ ચાલતા. સચિવાલયમાં સ્ટેનોગ્રાફર તરીકેની સરકારી નોકરી મળી જવાની આશા ય ખરી ! સંઘર્ષના એ દિવસો હતા અને કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નહોતો. પહેલા અંગ્રેજી ટાઈપીંગ શીખ્યા. પ્રતિ મિનિટે ૪૦ શબ્દો ટાઈપ કરવાની પરીક્ષા પાસ કરી દીધી. પછી અંગ્રેજી સ્ટેનોગ્રાફીના વર્ગો ભરવાનું શરૂ કર્યું. ધારી એટલી સહેલાઈથી નોકરી તો ન મળી પણ પ્રાઈવેટ નોકરીમાં પણ પગાર મામૂલી અને શોષણ ઝાઝું એવો ઘાટ થયો. સેક્ટર-૨૧ના ચંદન ઓટોમાં ટાઈપીસ્ટ તરીકે એક વર્ષ નોકરી કરી. પછી પાર્શ્વ સ્ટેશનર્સમાં દસ વર્ષ નોકરી કરી. નાનો તો નાનો પણ ખુદનો વ્યવસાય કરવાની ઈચ્છાએ જોર પકડ્યું. તે સમયે સેક્ટર-૨૧માં રાજશ્રી સિનેમા ગૃહ તૈયાર થઈ ગયું હતું. ભારે ચહલપહલવાળા અને ભરચક બજારના વિસ્તાર વચ્ચે પાનનો એક ગલ્લો શરૂ કર્યો. જીભની મીઠાશ ગ્રાહકોને આવકારવામાં કેવી રીતે ઉપયોગી થઈ શકે છે તે ગાંધીનગરના પાનરસિયાઓએ જોયું. ગ્રાહકને માલિક તરીકે સંબોધવા ઉપરાંત માલિક જેટલું જ માન સન્માન આપવામાં ઓમકારસિંગનો એપ્રોચ લાજવાબ હતો. ધંધાની પ્રગતિ માટે ઈમાનદારી અનિવાર્ય છે. ઓમકારસિંગ નખશીખ ઈમાનદાર માણસ હતો. ધંધાનું ગણિત કહો તો ગણિત અને ગાંડપણ કહો તો ગાંડપણ, પણ ઓમકારસિંગે પોતાના ગલ્લે પહેલીવાર આવનાર ગ્રાહકના પૈસા ન લીધા. આવું એક વર્ષ ચાલ્યું. ગણિત અને ગાંડપણ બંને કામ કરી ગયા. ઓમકારનો ગલ્લો ગાંધીનગરમાં વખણાવા લાગ્યો. સરકારી નોકરી કરતા ઘરનો ધંધો કેમ બહેતર છે તે સમજી શકાય તેવી આર્થિક સધ્ધરતા વચ્ચે અઠવાડિયા પછી આવતી ૧૫મી ઑગષ્ટ ઓમકારસિંગને અચાનક જ યાદ આવી. વર્ષો પહેલાં આવા જ પ્રસંગે ખાધેલી મીઠીમધ જલેબીના કેસરિયા રંગની સ્મૃતિ અને હૃદયમાં ઊંડે ઊંડે ધરબાયેલી દેશભક્તિની કેસરી તાકાત સળવળીને એકસાથે બેઠી થઈ. પોતાની કમાણીના પૈસામાંથી શુધ્ધ ઘીની જલેબી જાહેર જનતાને ખવડાવીને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા આપવાની ઈચ્છાને આગવી રીતે સાકાર કરવા માટે ઓમકારસિંગ પાસે હવે પૂરતા સાધનો હતા. બસ પછી તો પૂછવું જ શું ? સેક્ટર-૨૧, બેન્ક ઓફ બરોડા પાસેના પાનના ગલ્લા આગળની ખુલ્લી જગ્યામાં અનુકૂળતા મુજબનો મંડપ બંધાયો. ત્રિરંગી તોરણો બંધાયા, એકએકથી ચડિયાતા દેશભક્તિના ગીતો લાઉડ સ્પીકર પરથી વહેતા થયા. સર્વત્ર ત્રિરંગાની પ્રતિકૃતિઓ લહેરાવા લાગી.

● અનુસંધાન છઠ્ઠા પાને